ગાંધીનગરના પાંચ પોલીસ જવાનોને
રાષ્ટ્રપતિ પોલીસ ચંદ્રક

ગાંધીનગર સમાચાર

# બેવડી ઋતુની સંગતથી જનજીવન પ્રભાવિત : મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી

**દિવસે ગરમીનુ પ્રમાણ વધતા ઘરો અને ઓફિસોમાં પંખા અને એ સી ધમધમતા થયા : રાત્રિના ગુલાબી ઠંડી વચ્ચે નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે : મોસમનો બદલાતો મિજાજ ટોક ઓફ ધ ટાઉન**

ગાંધીનગર તા ૨૫

શહેરમાં મૌસમના બદલાતા મિજાજના લીધે શિયાળાની કડકડતી ઠંડીના દિવસોમાં ઉનાળા જેવી આકરી ગરમીનો અહેસાસ નગરજનો કરી રહયા છે. છેલ્લા બે દિવસથી વાતાવરણમાંથી ઠંડી જાણે અદ્રશ્ય થઈ ગઈ હોય તેમ દિવસ દરમિયાન ઘરોમાં અને ઓફિસોમાં પંખા અને એ સી ધમધમતા થઈ ગયા છે. આજે મહત્તમ તાપમાન પણ ૩૩ ડી ગ્રી સુધી પહોંચી જતા દિવસે આકરા તાપનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. દિવસે ગરમી અને રાત્રે ગુલાબી ઠંડીનો અનુભવ કરતા નગરજનો બેવડી ઋતુની અસરથી પ્રભાવિત થયા છે. આજે લઘુત્તમ તાપમાન પણ ૧૬ ડી ગ્રી નોંધાયુ હતુ.

શિયાળાની ઋતુમાં કડકડતી ઠંડીના લીધે નગરના માર્ગો સુમસામ બનતા રાત્રિના સમગ્ર શહેર અને સેકટરોની શેરીઓમાં પણ સન્નાટો જોવા મળે છે. પરંતુ છેલ્લા બે દિવસથી બદલાતા મૌસમના મિજાજના લીધે નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ છે. થોડા સમય અગાઉ આક્રમક ઠંડીના લીધે નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળતા હતા. જયારે છેલ્લા બે દિવસથી ઠંડીની ઋતુમાં ગરમીનુ પ્રભુત્વ જોવા મળે છે. લઘત્તમ તાપમાનનો પારો સતત ઉંચો આવતો જાય છે. જેના પરિણામે ઠંડીનુ પ્રમામ ૧૫ થી ૧૬ ડી ગ્રી સુધી પહોંચી જતા વાતાવરણમાં ગરમીનો અહેસાસ થઈ રહયો છે. જયારે બીજીતરફ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન પણ આજે ૩૩ ડી ગ્રી રહયુ હતુ. ગઈકાલે પણ મહત્તમ તાપમાન ૩૪.૫ ડી ગ્રી નોંધાયુ હતુ દિવસનુ તાપમાન ઉગ્ર બનતા નગરજનો દિવસ દરમિયાન આકરા તાપ વચ્ચે ઉનાળા જેવી ગરમીનો અહેસાસ કરી રહયા છે.



ત્રિરંગા પ્યારા - પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ શહેરના રાજમાર્ગો ત્રિરંગાથી છવાયા હતા... ઠેર ઠેર ત્રિરંગાને લઈને ઉભેલા નાના વિક્રેતાઓ નજરે પડતા હતા...

# ગુજરાતની આઠ પ્રતિભાઓને પદ્મશ્રી

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતના વિવિધ ક્ષેત્રની ઓજસ્વી પ્રતિભાઓને નાગરિક સન્માન સ્વરૂપે પદ્મશ્રી એવોર્ડની







જાહેરાત થતાં ગૌરવની લાગણી પ્રસરી ગઈ છે. ગુજરાતના સાહિત્ય અને પત્રકારત્વ ક્ષેત્રે ઉજ્જવળ પ્રતિભા ધરાવનાર વિષ્ણુભાઈ પંડ્યા અને આધ્યાત્મિક ક્ષેત્રે પ્રવચનો અને પુસ્તકો દ્વારા લોક શિક્ષણની જ્યોત જલાવનાર જૈનાચાર્ય રત્નસુંદર મહારાજ સાહેબનો સમાવેશ આ એવોર્ડની યાદીમાં ઉલ્લેખનીય છે.

આ ઉપરાંત ગુજરાતી સુગમ સંગીતના સર્વોચ્ચ શિખર પર બીરાજતા જાણીતા ગાયક-સંગીતકાર પુરુષોત્તમ ઉપાધ્યાય, સાહિત્ય અને શિક્ષણમાં ખુબ અગત્યનું યોગદાન આપનાર વી.જી. પટેલ, તબીબી ક્ષેત્રે સેવા અને સંશોધનમાં ઉજ્જવળ પ્રતિભા ધરાવનાર ડૉ. દેવેન્દ્ર પટેલ, સાહિત્ય, શિક્ષણ અને પત્રકારત્વ ક્ષેત્રે વિદેશની ધરતી પર પણ ગુજરાતની સંસ્કૃતિની મહેક પ્રસરાવનાર એચ.આર, શાહ, કૃષિક્ષેત્રે અવનવા પ્રેરક પ્રયોગો દ્વારા નવો ચીલો ચાતરનાર ઘેનાભાઈ પટેલ અને તબીબી ક્ષેત્રમાં મહત્વનું યોગદાન આપનાર સુબ્રોતો દાસને પદ્મશ્રીનું નાગરિક સન્માન આપવાની જાહેરાત થતાં ગુજરાતમાં આનંદ સાથે ગૌરવની લાગણી પ્રસરી ગઈ છે.

# શહેરમાં હવે બંધ સોલાર લાઈટો ફરીથી પ્રકાશ રેલાવશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિએ શહેરમાં બંધ પડેલી સોલાર લાઈટો પુનઃ અજવાળુ પાથરતી થાય તે માટેના ટેન્ડરને બહાલી આપી છે. આજે બપોરે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં શહેરના અંતરિયાળ વિસ્તારની સફાઈ માટે વધુ એક એજન્સી નિયત કરવામાં આવી છે. સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં સ્વચ્છતા સર્વેક્ષણમાં નંબર ૧ થી ૨૦માં આવે તે માટે આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હોવાની ચર્ચા જાગી છે. આજની આ સ્થાયી સમિતિમાં પાંચ રંગમંચોના રિનોવેશન કરવાનો અને રિનોવેશન માટે રૂ. પાંચ કરોડનો ખર્ચ કરવાની પણ મંજૂરી આપવામાં આવી છે. સ્થાયી સમિતિની બેઠકમાં શહેરની આંતરિક સ્વચ્છતા માટે અસરકારક મોનીટરીંગની પણ સભ્યોએ લાગણી વ્યક્ત કરી હતી.

# ગાંધીનગરના પાંચ પોલીસ જવાનોને રાષ્ટ્રપતિ પોલીસ ચંદ્રક

**જિલ્લાના બે હોમગાર્ડ અધિકારીઓને પ્રશંસનીય સેવા બદલ મુખ્યમંત્રીના બે ચંદ્રક**



ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત રાજ્ય પોલીસમાં ફરજ બજાવતા ત્રણ પોલીસ અધિકારીઓને વિશિષ્ટ સેવા અંગેના રાષ્ટ્રપતિના પોલીસ મેડલ જાહેર થયા છે. જ્યારે પ્રસંશનીય સેવા અંગેના ૧૫ પોલીસ અધિકારી-કર્મચારીઓને ચંદ્રકો જાહેર કરવામાં આવ્યા છે. જે પૈકી ગાંધીનગરના પાંચ પોલીસ કર્મીઓનો સમાવેશ થાય છે. ગુજરાત પોલીસ અકાદમી કરાઈ, ગાંધીનગર ખાતે ફરજ બજાવતા હથિયારી એએસઆઈ સુરેશકુમાર એમ. ભંડોરીયા, ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ નરેન્દ્રસિંહ જી. ચાવડા, ગાંધીનગર અધિક પોલીસ મહાનિર્દેશકની કચેરી



આઈ.બી.માં ફરજ બજાવતા આઈ.ઓ. હરેશભાઈ બી. ભરાડા અને બાબુભાઈ રતિલાલ ગિલાતરને રાષ્ટ્રપતિ પોલીસ ચંદ્રકથી નવાજવામાં આવશે. તે ઉપરાંત ગાંધીનગર ખાતે એસ.આર.પી. જુથ-૧૨માં ફરજ બજાવતા પીએસઆઈ એચ.કે. જોષીને પણ પોલીસ ચંદ્રકથી ૨૬ જાન્યુઆરીએ નવાજવામાં આવનાર છે.

ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝ દળના બે અધિકારીઓ કંપની કમાન્ડર નગુસિંહ પૃથ્વીસિંહ ભાટી અને પ્લાટુન કમાન્ડર નરેશભાઈ બળદેવભાઈ રાઠોડને લાંબી ઉત્કૃષ્ઠ પ્રસંશનીય સેવાઓની કદરરૂપે મુખ્યમંત્રીના ચંદ્રક એનાયત કરવામાં આવનાર છે.

## પ્રાર્થના સભા



અમારા પિતાશ્રી **સ્વ. વિષ્ણુપ્રસાદ હરિલાલ ત્રિવેદી** (નિવૃત્ત વેચાણ વેરા અધિકારી) તા. ૨૫/૧/૨૦૧૭ને બુધવારે કૈલાસવાસી થયેલ છે. **સદ્દગતની પ્રાર્થનાસભા તા. ૨૭/૧/૨૦૧૭ને શુક્રવારના રોજ સાંજે ૫-૦૦ થી ૭-૦૦ કલાક** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી લેઉવા પટેલ સમાજ પટેલ વાડી, સેક્ટર-૭/સી, ગાંધીનગર**

લિ.

**જીતેન્દ્ર વી. ત્રિવેદી** (યુએસએ) — **શિલ્પા ત્રિવેદી**
**અશોક વી. ત્રિવેદી** (સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા) — **કિન્નરી ત્રિવેદી**
**ધવલ એ. ત્રિવેદી** (બેંગ્લોર) — **ડો. વિશ્રાંતિ ત્રિવેદી**
**ડો. નિસર્ગ એ. ત્રિવેદી** (જીએમઈઆરએસ.) — **ડો. પૂર્વા ત્રિવેદી**










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com